# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 30-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**DAY : WEDNESDAY** **NATIONAL NEWS**

નમસ્કાર,આકાશવાણી,

**OPENING SIGNATURE TUNE**

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

મુખ્ય સમાચાર

(મ્યુઝિક અંડરપ્લે)

1) વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, ભારત પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે મંત્રણા બાદ યુદ્ધવિરામ કરવામાં આવ્યો હતો

2) કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , માત્ર ત્રણ વર્ષમાં જ વંદે ભારત રેલવે સેવા તમામ રાજ્યોમાં ઉપલબ્ધ થઈ.

3) ગુજરાત A.T.S.-એ આતંકી સંગઠન અલકાયદા સાથે જોડાયેલી 30 વર્ષની મહિલાની બેંગ્લોરથી ધરપકડ કરી.

4) કાશ્મીરમાં સતત વરસાદને પગલે આજે એક દિવસ માટે શ્રી અમરનાથ યાત્રા સ્થગિત.

5) રશિયાના કામચાત્કા દ્વીપકલ્પના પ્રશાંત કાંઠા પર આજે વહેલી સવારે 8.8ની તીવ્રતાના ધરતીકંપના આંચકા

.....................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...**

# RS ADJOURN

રાજ્યસભામાં પહલગામમાં આતંકી હુમલાના જવાબમાં ભારતના મજબૂત , સફળ અને નિર્ણાયક ઑપરેશન સિંદૂર પર ચર્ચા ચાલી રહી છે. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, બંને દેશોના ડીજીએમઓ વચ્ચે મંત્રણા બાદ યુદ્ધવિરામ કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ભારત પરમાણું ધમકી સામે ક્યારેય ઝુકશે નહીં.

અગાઉ રાજ્યસભાની કાર્યવાહી વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષના હોબાળા બાદ બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. સવારે 11 વાગ્યે ગૃહની કાર્યવાહી શરૂ થતા ઉપસભાપતિ હરિવંશે શૂન્યકાળ ચલાવવાનો પ્રયાસ કર્યો , પરંતુ વિરોધ પક્ષના સભ્યોએ બિહારમાં મતદાર યાદીની વિશેષ સઘન સમીક્ષા સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચાની માગને લઈ હોબાળો કર્યો.

ઉપસભાપતિએ ગૃહને સૂચિત કર્યું કે , તેમણે રાજકીય દળો પાસેથી વિવિધ મુદ્દાઓ સંબંધિત 18 સ્થગિત પ્રસ્તાવ મળ્યા હતા, પરંતુ નિયમોનો ઉલ્લેખ કરીને તેને નકારી કઢાયા હતા.

શ્રી હરિવંશે સભ્યોને શૂન્ય કાળ ચાલુ રાખવાની વિનંતી કરી , પરંતુ તેમણે તેમની અપીલ પર ધ્યાન આપ્યું નહીં. તેના પગલે ગૃહ બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરાયું હતું. હાલ ઉપલા ગૃહમાં ચર્ચા ચાલી રહી છે.

# JK FORCES TERRORISTS KILLED

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ આજે પૂંચ ક્ષેત્રમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરનારા બે આતંકવાદીને ઠાર કર્યા. આકાશવાણીના જમ્મુના સંવાદદાતા જણાવે છે કે , આ આતંકવાદીઓ લશ્કર—એ—તૈયબા સંગઠન સાથે જોડાયેલા હતા.

સેનાના વ્હાઈટ નાઈટ કૉરે સોશિયલ મીડિયા એક્સ પર જણાવ્યું , નિયંત્રણ રેખા પર વાડ પાસે આજે સવારે બે લોકોની શંકાસ્પદ પ્રવૃત્તિઓ જોવા મળી. ત્યારબાદ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી. બંને બાજુથી થયેલા ગોળીબારમાં બંને આતંકવાદી ઠાર મરાયા. તપાસ દરમિયાન તેમની પાસેથી હથિયાર કબજે કરાયા છે. 22 એપ્રિલે પહલગામ આતંકી હુમલામાં સામેલ 3 આતંકવાદીઓને ઠાર કરાયા બાદ આ અથડામણ થઈ છે.

## VAISHNAV VANDE BHARAT

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , માત્ર ત્રણ વર્ષમાં જ વંદે ભારત રેલવે સેવા તમામ રાજ્યોમાં ઉપલબ્ધ થઈ છે. લોકસભામાં આજે એક પ્રશ્નના જવાબમાં શ્રી વૈષ્ણવે કહ્યું, હાલમાં સમગ્ર દેશમાં 144 વંદે ભારત ટ્રેન દોડી રહી છે. તેમણે કહ્યું , આ ટ્રેનના સંચાલનની પ્રતિક્રિયા ઘણી પ્રોત્સાહક છે અને અનેક રાજ્યોમાંથી આવી ટ્રેનની માગ આવી રહી છે.

## (BYTE: ASHWINI VAISHNAW, RAILWAY MINISTER)

શ્રી વૈષ્ણવે કહ્યું , સરકાર મધ્યમ વર્ગ અને ઓછી આવક ધરાવતા વર્ગના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું , છેલ્લા કેટલાક વર્ષમાં સામાન્ય શ્રેણી કૉચની સંખ્યામાં વધારો થયો છે. શ્રી વૈષ્ણવે ટ્રેનમાં કુલ 82 હજાર કૉચમાંથી 70 ટકા સામાન્ય અને બિન-વાતાનુકૂલિત છે.

## TERRORIST ARRESTED

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – **A.T.S.**એ આતંકી સંગઠન અલકાયદા સાથે જોડાયેલી 30 વર્ષની મહિલા શમા પરવીનની ધરપકડ કરી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી આ મહિલા આતંકી સંગઠનની વિચારધારાનો પ્રચાર કરી રહી હતી.

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , બેંગ્લુરુથી પકડાયેલી આ મહિલા બેંગ્લોરની એક અત્યંત કટ્ટરપંથી આતંકવાદી છે. તે ઑનલાઈન આતંકી મૉડેલ પર કામ કરે છે અને તેના વિવિધ ઉપકરણોથી પાકિસ્તાની સંપર્ક પણ મળી આવ્યા છે.

**(BYTE: HARSH SANGHAVI, HOME MINISTER OF GUJARAT)**

# PADMA AWARDS

પદ્મ પુરસ્કારો માટે નામાંકન અને ભલામણો માટેની છેલ્લી તારીખ 15 ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. પુરસ્કારો માટે નામાંકન ફક્ત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર ઓનલાઈન પ્રાપ્ત થશે. પદ્મ પુરસ્કારો-2026 માટે નામાંકન આ વર્ષે 15 માર્ચથી શરૂ થયું હતું. પદ્મ પુરસ્કારો , જેમ કે પદ્મ વિભૂષણ , પદ્મ ભૂષણ અને પદ્મશ્રી , દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે. આ પુરસ્કાર વિશિષ્ટ કાર્યને ઓળખવાનો પ્રયાસ કરે છે અને તે તમામ ક્ષેત્રો અને શાખાઓમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ અને સેવા માટે આપવામાં આવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

**વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# ISRO NISAR

**ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ઇસરો આજે સિન્થેટિક અપાર્ચર રડાર ઉપગ્રહ—નિસાર અવકાશમાં મોકલશે. આ ઇસરો અને અમેરિકાની અવકાશ સંસ્થા- નાસાનું સંયુક્ત અભિયાન છે. તેમાં નાસાનું એલ-બેન્ડ અને ઇસરોનું એસ-બેન્ડ રડાર લગાવાયું છે. આંધ્રપ્રદેશમાં શ્રીહરિકોટાના સતીષ ધવન અવકાશ કેન્દ્રથી G.S.L.V. F—16 રૉકેટથી આજે સાંજે 5.40 વાગ્યે આ પ્રક્ષેપણ થશે.**

**આ અભિયાનનો ઉદ્દેશ પ્રત્યેક બાર દિવસે સમગ્ર પૃથ્વી અને તેની આંતરીક ગતિવિધિઓનું નજીકથી નિરીક્ષણ કરવાનો છે. તેનાથી આબોહવા પરિવર્તન સંશોધન અને આપત્તિ પ્રતિભાવ માટે ઉચ્ચ ગુણવત્તાની છબીઓ અને આંકડા મળશે. તે પૃથ્વીની સપાટી અને ભૂગર્ભનો વ્યવસ્થિત રીતે નકશો બનાવશે અને પૃથ્વી પર થતી વિવિધ પ્રક્રિયાઓ વિશે વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડશે. તે પૃથ્વી અને બરફના ઢોળાવમાં થઈ રહેલા ફેરફારોનો પણ અભ્યાસ કરશે.**

# AMARNATH YATRA STHAGIT

**કાશ્મીરમાં સતત વરસાદને પગલે આજે એક દિવસ માટે શ્રી અમરનાથ યાત્રાને સ્થગિત કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના માહિતી અને જનસંપર્ક વિભાગે સોશિયલ**

મીડિયા પર માહિતી આપતા જણાવ્યું , પહલગામ અને બાલટાલ આધાર શિબિરોથી શ્રી અમરનાથજી યાત્રા સ્થગિત કરવામાં આવી છે.

વિભાગે જણાવ્યું , આજે સવારથી સતત વરસાદના કારણે બાલતાલ અને નૂનવાન તથા ચંદનવાડી બંને આધાર શિબિરથી યાત્રા શરૂ ન થઈ શકી. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી ત્રણ લાખ 93 હજારથી વધુ શ્રદ્ધાળુઓ શ્રી અમરનાથજી યાત્રા દરમિયાન પવિત્ર ગુફામાં દર્શન કરી ચૂક્યા છે.

# ED-CHHATTISGARH

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ-**ED** કથિત તબીબી પુરવઠા કૌભાંડના સંદર્ભે છત્તીસગઢમાં અનેક સ્થળોએ દરોડા પાડી રહ્યું છે. **ED** એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે , આ જગ્યાઓ મોક્ષિત કોર્પોરેશનના શશાંક ચોપડા અથવા છત્તીસગઢ મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ, **CGMSC**ના અધિકારીઓ સાથે સંબંધિત છે.

એજન્સીએ જણાવ્યું હતું કે શશાંક ચોપડાએ **CGMSC** ના અધિકારીઓ સાથે મળીને ગેરકાયદેસર રીતે તબીબી ઉપકરણો અને રીએજન્ટ્સના પુરવઠા માટે દર કરાર મેળવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે દર કરાર મેળવ્યા પછી , શ્રી ચોપડાએ ફરીથી **DHS** અને **CGMSC** ના અધિકારીઓને ઉશ્કેર્યા અને લગભગ 500 કરોડ રૂપિયાના ખરીદી ઓર્ડર જારી કર્યા.

# RUSIA EARTHQUAKE

રશિયાના કામચાત્કા દ્વીપકલ્પના પ્રશાંત કાંઠા પર આજે વહેલી સવારે 8.8ની તીવ્રતાના ધરતીકંપના આંચકાઓ અનુભવાયા. સંયુક્ત રાજ્ય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ

મુજબ,  શરૂઆતમાં ભૂકંપની તીવ્રતા 8.7 નોંધાઈ હતી. જાપાનમાં વર્ષ 2011માં આવેલા ધરતીકંપ બાદના આ સૌથી શક્તિશાળી ધરતીકંપ છે.

રશિયાની સરકારી સમાચાર સંસ્થા મુજબ , ત્રણ ત્સુનામી મોજાંઓ રશિયાના બંદર શહેર સેવેરા કુરિલ્સ્ક સાથે અથડાયા છે. ત્રણ ધરતીકંપમાંથી છેલ્લા ધરતીકંપે બંદર શહેરના પાયાના  માળખાને નુકસાન પહોંચાડ્યું, જેમાં અનેક જહાજ વહી ગયા. ભૂકંપનું કેન્દ્ર બિન્દુ દરિયાકાંઠાથી 136 કિલોમીટર દૂર અને 19 કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું.

પ્રશાંત ત્સુનામી ચેતવણી કેન્દ્રએ ધરતીકંપ બાદ વ્યાપક અલર્ટ જાહેર કર્યો. રશિયા,  જાપાન અને પ્રશાંત મહાસાગર ટાપુ દેશ માટે ત્સુનામી ચેતવણી જાહેર કરવામાં આવી છે. કામચાત્કા  દ્વિપકલ્પમાં ત્રણથી ચાર મીટર ઊંચા મોજા ઉછળતાં લોકોને તાત્કાલિક ત્યાંથી નીકળી  જવા અને દરિયા કાંઠાથી દૂર રહેવાની સલાહ અપાઈ છે.

હવાઈમાં અધિકારીઓએ હોનોલૂલૂ સહિત  ઓઆહૂના મોટાભાગના વિસ્તારને તાત્કાલિક ખાલી કરવાનો આદેશ આપ્યો છે.

## BADMINTAN

બેડમિન્ટનમાં,  ભારતે મકાઉ ઓપન ટુર્નામેન્ટમાં વિવિધ કેટેગરીમાં મજબૂત શરૂઆત કરી.

પુરુષોની ડબલ્સમાં સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી એ મલેશિયાના લો હેંગ યી અને એનજી એન્ગ ચેઓંગ પર  21-13,  21-15 થી જીત મેળવી.

મહિલા સિંગલ્સમાં, અનમોલ ખાર્બ અને તસ્નીમ મીર વચ્ચેની ક્વોલિફાયર મેચ ડ્રો થઈ જયારે અનમોલે અઝરબૈજાનની કીશા ફાતિમા અઝહરાને 21-11, 21-13થી હરાવી. જ્યારે તસ્નીમે થાઈલેન્ડની તિદાપ્રોન ક્લેબીસુનને 21-14, 13-21, 21-17 થી હરાવી.

ભારતને મિક્સ ડબલ્સમાં પણ સફળતા મળી , થાન્દ્રાંગિની હેમા નાગેન્દ્ર બાબુ અને પ્રિયા કોનજેંગબામ આગલા રાઉન્ડમાં પહોચ્યાં છે.

# US CHINA TALKS

**અમેરિકા અને ચીનના ટોચના અધિકારીઓની સ્ટોકહોમ ખાતે ચાલે લી બે દિવસની વાટાઘાટ પૂર્ણ થઈ છે. બંને પક્ષે આગામી 12 ઓગસ્ટે પૂરા થતા 90 દિવસની વર્તમાન ટૅરિફ યુદ્ધવિરામને લંબાવવા સંમતિ વ્યક્ત કરી. ચીનના વેપાર મંત્રણાકાર લિ ચેન્ગગેન્ગે જણાવ્યું, બંને પક્ષ ટેરિફ યુદ્ધવિરામ જાળવી રાખવા માગે છે. જોકે, અમેરિકાનાં નાણા મંત્રી સ્કૉટ બેસન્ટે કહ્યું, અંતિમ નિર્ણય રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ પર નિર્ભર છે.**

**માધ્યમો સાથે વાત કરતા રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું, તેમને આ વાટાઘાટ અંગે માહિતી અપાઈ છે અને ટૂંક સમયમાં વધુ માહીતી મળશે. વાટાઘાટોમાં પ્રગતિ હોવા છતા વૉશિંગ્ટન પરત આવ્યા બાદ તેમણે ફરી ટૅરિફ વધારી દીધી હતી.**

**અમેરિકા અને ચીને આ વર્ષે એકબીજાના સામાન પર ભારે વેરો લગાવ્યો છે, જેમાંથી કેટલીક ચાજો પર 30 ટકાથી વધુ છે. જો ટૅરિફ યુદ્ધ વિરામને આગળ નહીં લંબાવાય તો આ વેરો ફરીથી લાગૂ થઈ શકે છે. અધિકારીઓએ વ્યાપક આર્થિક મુદ્દાઓ, ટ્રમ્પ અને શી ચિનફિન્ગ વચ્ચે થયેલા અગાઉના સમજૂતી કરાર અને રેર**

અર્થ, ટિકટૉક તથા રશિયા અને ઇરાનની સાથે ચીનના સંબંધો જેવા સંવેદનશીલ વિષય પર પણ ચર્ચા કરી.